એક આના સીરીઝ પુસ્તક [illegible]

સેવામાર્ગ

૦—૧—૬

વિશ્વજ્યોતિ કાર્યાલય

અડાજણ-સુરત.

નિવેદન.

[illegible]ની સીરીઝનું આ દ્વીતિય પુસ્તક કંઇક વિલંબે પ્રસિદ્ધ થાય છે. હવે તેના બીજા પુસ્તકો વર્તમાન વર્ષમાં ઇશ્વરેચ્છા તો જલદી પ્રસિદ્ધ થઇ શકશે. સેવા માર્ગ કેટલો ઉપયોગી છે. અને સર્વથી સાધી શકાય તેવો છે તેનું કંઇક ટુંક વિવેચન આ લઘુ લેખદ્વારા કર્યું છે. તે વાંચી મનન કરી સર્વના જીવન સેવાપ્રિય બની રહો એવી ભાવના છે.

ચૈત્ર પ્રતિપદા
નૂતન વર્ષ

વિશ્વજ્યોતિ કાર્યાલય
અડાજણ—સુરત.

સુરત—ચૌટાના પુલ ઉપર ટાંકી પાસે "શંકર" પ્રીન્ટીંગ પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું, અને પ્રભુશંકર નરભેરામ વ્યાસે વિશ્વજ્યોતિ કાર્યાલય-અડાજણ ડી. સુરતમાંથી પ્રસિદ્ધ કર્યું.

॥ श्री सद्गुरुदेव परमात्मने नमः ॥

सेवामार्ग.

ધન્ય હો, ધન્ય હો, જીવનમાં તે નરનારને
કે જેણે જીવનમાં સેવાના વ્રત સ્વીકાર્યાં છે.
જય હો, જય હો, તે પુણ્યવાનનો કે જેણે
પોતાના અંતરને સેવાના રંગથી રંગ્યું છે.
અભિનંદન હો, અભિનંદન હો, તેવા જનને
કે જે સેવાના માર્ગમાં કટિ કસીને આગળ ધપે છે.

સેવા એ માનવ જીવનનું નાક છે. પુણ્યવાનોનો પ્રાણ છે. સેવા ધર્મ વડેજ ઇશ્વર ઇશ્વરી ગુણને પામ્યા છે. ચંદ્ર સૂર્ય સેવા ધર્મના પાલનથીજ આખા વિશ્વને પ્રકાશ આપે છે. જે જે મહાપુરૂષો થયા છે તેમના જીવનને તપાસો. સેવાધર્મ એ જીવનના ગર્ભમાં પ્રવર્તી રહેલોજ જણાશે.

ફક્ત બેજ અક્ષરનો 'સેવા' શબ્દ હોવા છતાં અપાર સામર્થ્યને આપનાર તેજ છે.

માનવીઓને, દેવોને, કે કોઇ પણ પ્રાણીને જો ઉંચે ચઢાવનાર કોઇ પણ હોય તો તેની સેવા છે. સેવાનો માર્ગજ એવો છે કે તેને ધારણ કરનારનો જીવનરથ આગળને આગળ ધપતો જાય છે.

હે વ્યવહારમાં કુશળ ગણાતા માનવીઓ ? તમે તમારા જીવનમાં કોઇની સેવા-નિઃસ્વાર્થ સેવા કરી છે. સેવા ધર્મના પાલનથી કોઇને સહજ પણ સુખ આપ્યું છે ? આપે તેવું પામે એવો વિશ્વનો નિયમ છે. તમે તો ઇશ્વર પાસે નિત્ય સુખ માગો છો, શાંતિ માગો છો. નિર્ભયતા માગો છો, વ્યાધિનો જય માગો છો. પણ એ માગવાની સાથે તમે કોઇને કાંઇ આપો છો ખરા ? પ્રથમ તેનો વિચાર કરો અને પછી માંગો. ભીખારીને જેમ જડજની ખુરશી ઉપર બેસવાનો અધિકાર નથી તેમ કોઇને કાંઇ પણ આપ્યા વિના ઇશ્વરની પાસે માગવાનો તમને

અધિકાર નથીજ. શાંતિ અને સુખની બુમ પાડનાર તમે તમારા આપ્તજનોમાં કેટલી શાંતિ અને સુખ આપ્યું છે? ગૃહની ભાર્યા બિચારી જે તમારે આસરે પડી હોય તેને તમે સુખ કે શાંતિ આપી શકયા ન હો અને સંતાપજ આપ્યો હોય તો તમે કયા હકથી સુખ શાંતિની માંગણી ઇશ્વર પાસે કરી શકો તેમ છો? રસ્તે એક ભયથી વ્યાકુળ મનુષ્ય ચાલ્યો જતો હોય તેને તમે મદદ કરી ન શકો તો પછી નિર્ભયતાની માંગણી ઇશ્વર પાસે કેમ કરીને કરી શકો. પથારીમાં તરફડીયા મારતો મનુષ્ય વ્યાધિથી પીડાતો હોય તેને તમે કાંઇ પણ આશ્વાસન આપી ન શકો, તો તમે વ્યાધિથી મુક્ત થવાની માગણી કયી રીતે કરવા સમર્થ થાઓ. તમારા પોતાના અંતર સાથેજ આ શબ્દોને પુનઃ પુનઃ વિચારશો. વિશ્વ વ્યવસ્થાપક સત્તામાં તો એવો

નિયમ છે કે કરે તેવું પામે. ઠારે તેવું ઠરે. અને વાવે તેવું લણે.

તમારા જીવનમાં તમને સુખ અને શાંતિ જોઇતાં હોય તો પ્રથમ તમે તમારાથી બનતા પ્રયત્ને સુખ અને શાંતિ કોઇને પણ આપો. તમે કહેશો કે અમે સાધનહીન છીએ. અમારી પાસે પૈસા નથી અમે તે સેવાવ્રત શી રીતે ધારણ કરી શકીએ? તમે કહેશો કે અમે બલહિન વ્યાધિગ્રસ્ત અને સઘળી રીતે કંઇને કંઇ બાબદમાં અપૂર્ણતાવાળા સેવાને શી રીતે કરીએ? આ સર્વ સેવા ન કરવાનાં બહાનાં છે. જેને સાચી સેવાની લગની લાગી છે. તે તો ગમે તેવી પ્રતિકૂળ સ્થિતિમાં પણ સેવા ધર્મને અનુસરી શકે છે. સેવા ધર્મને અનુસરવામાં પૈસા બલ સાધન વીગેરે જોઇએ છે તે ગૌણ સાધન રૂપે છે. મુખ્ય સાધન તો અંતરની ભાવના છે.

અંતરમાંજ સ્વંય સેવાની જ્યોતિ પ્રકાશતી હોય તેજ સંજોગો અને સમયનો વિચાર કરી સેવા ધર્મનું પાલન કરી શકે છે. એક પથારીમાં પડેલો નિર્બળમાં નિર્બળ મનુષ્ય કે જેનાથી પોતાના હાથે પાસું સરખું પણ ફેરવાતું નથી તે મનુષ્યના અંતરમાં જો સેવા જ્યોતી પ્રકટેલી હોય છે તો તેવી વિષમ સ્થિતિમાં પણ વિશ્વ કલ્યાણુની ભાવનાને તે કરી શકેછે. મનરૂપ સાધન તેના અંત પર્યંત તેને પ્રાપ્ત છે. એ સાધનવડે ભાવનારૂપ ચિંતન તે કરી શકેછે. અને એ ચિંતનના આંદોલનો જેમ જેમ બલવાળાં થતાં જાય છે તેમ તેમ વિશ્વ વ્યવસ્થાપક સત્તાને ભાન થતું જાય છે કે મારી સત્તામાં વિશ્વની કલ્યાણ ભાવના કરવા વાળો કોઇ જીવ છે ખરો. ઇશ્વરની અનુગ્રહ દ્રષ્ટિ તે વ્યાધિ ગ્રસ્ત મનુષ્ય ઉપર ઉતરે છે. અને પથારીમાં પડયા પડયાજ એક સેવારૂપ

સંકલ્પ દ્વારા તે પોતાના વ્યાધિનું શમન કરે છે. કદાચ કોઇ સંજોગોમાં તેના વ્યાધિનું શમન નથી થતું તો પણ તે તેટલી શાંતિ તો મેળવીજ શકે છે.

જ્યાં જેની જરૂર હોય ત્યાં તે આપવું એ પ્રકારનો નિયમ એ પણ એક સેવા વૃતિજ છે. સેવાના કાર્યમાં પણ વિવેક હોવો જોઇએ. એક દારૂડીયા મનુષ્યને દારૂ પીવાને તેના કાલાવાલાથી દયા લાવી એક રૂા. આપવો તેમાં સેવા વૃત્તિ રહેલી નથી. એવી વૃત્તિથી તો આપણું અહિત થાય છે. આપણી સેવાવૃતિથી દુરાચારી મનુષ્યને પોતા દુરાચારમાં વધારે અનુકૂળતા મળે છે તો તે સેવા કહેવાયજ નહિ. શાસ્ત્રો પણ તેથીજ જણાવે છે કે અપાત્રને આપેલુંદાન તેના દાતાને નર્કમાં નાખે છે.

દુનિયા તરફ જોતાં તો આજકાલ ધમંડ અને પાખંડજ વધી ગયલાં જણાય છે. સેવા

વૃતિના ઉપનામ હેઠળ પણ એવા સ્વાર્થી અને પાપી મનુષ્યો પોતાના પાશવી અર્થોને સાધે છે. સેવાને દુષણુ લગાડનાર એવા નરાધમો દેશને તથા સમાજને કલંક રૂપજ છે,

સેવાવ્રત સ્વીકારો–વિવેક પૂર્વક વ્રત સ્વીકારો વિવેક વગરની સેવા એ એક પ્રકારની ધર્મ ઘેલછા રૂપ હોય છે. પોપશાં ભક્તોનો પણ કાંઇ પાર નથી. ઠાકોરજીના ફક્ત દેખાદેખી 'જે જે' 'જે'ના પોકારો પાડી દોડનારા પણ પુષ્કળ છે. પણ તેમના આંતરજીવન તપાસીએ તો 'જે જે' કરીને દોડવાની કૃતિ તેમની ઉપર ઉપરનીજ હોય છે. દર્શનનું શું મહત્વ છે. માનવજીવન ઉપર તે કેવા પ્રકારની છાપ પાડે છે. અભ્યાસક તેનાથી આગળ કેવી રીતે વધી શકે છે વગેરે બાબત તો સેંકડે પાંચ મનુષ્ય વિચારતા હોય તો ઘણાં છે. મંદિરમાં દોડાદોડી કરી મૂકનાર

વૃદ્ધ થઇ ગયલા મનુષ્યને પણ જો એમ પૂછવામાં આવે કે ભાઇ આ દેવના સ્થુલ દર્શનની સાથે તમારા અંતરમાં તેનાં સુક્ષ્મદર્શન પણ કદી થયાં છે. તો તે એમજ કહેશે કે ઓહોહો? એ શું બોલ્યા ભાઇ? મારો નાથ જે મોટા મોટા તપ કરનારને પણ જણાતો નથી તે મુજ સમા પાપીને તો કેમ જણાય. અરે બાપલા? એનાં તો સ્વપ્નમાં પણ દર્શન દોહયલાં છે.

લોકને દેખાડવાને ખાતર સેવા કરવી તે પણ કાંઇ યથાર્થ સેવા નથી. હું અમુક કામ કરૂં તો જન સમજમાં મારી વાહ વાહ કહેવાય એ પ્રકારની ભાવના રાખીને જે સેવા કરે છે. તે સેવા કરતો નથી. ઇશ્વર તો જાણે છે કે સેવાના ઓથા હેઠળ તે પોતાના સ્વાર્થની બાજી રમે છે.

બે ઘોડાની બગીમાં બેસીને સાંજના સમયે ચાલ્યા જતાં આ પેલા ધનવંતરાય શેઠને જુઓ.

સમાજમાં પોતે ઘણાં સેવા પ્રિય ગણાય છે. લગભગ એક લાખ રૂપિઆ પોતાના નામ સાથે તેમણે ધર્માદા કર્યા છે. અને સરકારમાંથી પણ તેમને રાવબહાદુરનો ઇલકાબ મળેલો છે. સમાજમાં તે સખાવતે બહાદુર કહેવાય છે. હવે તેઓ જાય છે તે રસ્તે એક ગરીબ માણસ કોઇ શેઠીયાની મોટરની હડફટમાં આવી છુંદાયો છે. તેના શરીરમાંથી રક્ત ધારા નીકળે છે. મોટર તો ચાલી ગઈ છે. અને લોકોનું ટોળું ત્યાં આગળ ઉભું છે. કુતુહલ વૃત્તિથી શેઠ ત્યાં ગાડી ઉભી રખાવે છે. લોકોને પૂછી માહિતી મેળવે છે. 'હશે તેની આપણે શું પંચાત' કહી ગાડીવાળાને ગાડી આગળ ચલાવવા કહે છે. શેઠ જો ધારત તો પોતાનીજ ગાડીમાં તે અકસ્માતના ભોગ થયલા મનુષ્યને બેસાડી હોસ્પીટલમાં લઇ જઇ શકત. અથવા પૈસા આપીને તેને કાંઇ

બીજા સાધનદ્વારા હોસ્પીટલમાં મોકલી શકત પણ તેમ કરવામાં ધનવંતરાય શેઠની કાંઇ નામના થને નહિ. એટલે તેઓ ત્યાં શું કામ ઉભા રહે !

હવે તેજ ટોળા આગળથી પસાર થતો એક સેવાપ્રિય ગરીબ મનુષ્ય જાય છે. પૈસા સંબંધી સ્થિતિ પણ સાધારણ છે. અકસ્માતના ભોગ થયલા મનુષ્યની વાત તે જાણે છે. તરતજ તે ટોળાની મધ્યમાં થઈ પેલા માણુસની પાસે જાય છે. અને પ્રથમ તો તેના શરીરને ઉપાડવા માંડે છે. ઉંચકાતું નથી ટોળમાં ઉભેલા મનુષ્યની તે મદદ માગે છે એટલે એક જણ બહાર આવી એક વૃક્ષની શિતળ છાયાં નીચે તેને સુવાડે છે. પોતાને માથે બાંધેલા ફાળીયાના કટકાને નળ પાસે જઇ ભીજાવી લાવે છે. અને તે પેલા મનુષ્ય ઉપર નીચોવે છે તેના ઘા ઉપરની ધુળ

સાફ કરે છે. અને પછી ત્યાં થઇને પસાર થતી એક ભાડાની ગાડી કરી તેને હોસ્પીટલમાં લઇ જાય છે ટોળામાંથી કોઇ તેને પૂછે છે કે ભાઇ આ તમારો શું સગો થાય. તે મનુષ્યનો સગો તે કાંઇજ થતો ન હતો છતાં તે જવાબ આપે છે કે દુઃખમાં આવી પડેલો આ મારો એક ભાઈ છે.

વાંચકો વિચારશો. કોની સેવાથી ઇશ્વર પ્રસન્ન થશે. લાખ રૂપિઆ ખરચી રાવબહાદુર થનાર ધનવંતરાય શેઠની કે આ ગરીબ પ્રવાસીનની ?

બીજું દ્રષ્ટાંત. એક ભુદેવ યજમાનોના કાર્યમાં રોકાવાથી જેને મોડું થયું છે તે ધુવાં પુવાં કરતા હાથમાં જળનો લોટો લઇ મહાદેવના પૂજન અર્થે જાય છે. મહાદેવનું દહેરૂં તેમના ઘર કરતાં કાંઇક દૂર છે. અને ગ્રીષ્મ ઋતુનો દિવસ છે.

પાવડી પહેરી તે ચાલ્યા જાય છે. સામે એક અત્યંજ બાલક મળે છે. તે કહે છે કે અન્નદાતાર ? ઘણીજ તૃષા લાગી છે. જીવ જાય છે. લોટામાંથી એક ચાંગળુ જળ આપો તો પીને ગળું જરા શાંત કરૂં અને પછી ગામમાં જાઉં. પેલો બ્રાહ્મણ મુળે તો ભુખ્યો થયલો અને તપી રહેલો તે બોલે છે કે જા, જા, ઢેડ. જરા માંગતા શરમ નથી આવતી. આ મ્હારૂં શિવપૂજન અર્થેનું જળ તેમાંથી તને આપું કેમ ? આજકાલ તો ઢેડાઓ બહુ ફાટયા જણાય છે. મારૂં જો ચાલે તો સઘળાને સિધા દોર કરી દઉં. હમણાં હમણાંના તે માણસાઈ હક માગવા આવ્યા છે અને સ્પર્શાસ્પર્શ કરે છે પણ મારી સત્તા ચાલતી હોય તો રસ્તાપર ચાલવા કે થુંકવા પણ નહિ દઉં. જા જા ચામડીયા ? દૂર જા. એમ કહી બ્રાહ્મણ ત્યાંથી ચાલ્યો જાય છે. દરબાર

ડગલાં તે આગળ વધે છે એટલામાં પાછળ ધમ લઇને અવાજ સંભળાય છે. પાછું વળીને જોતાં તે પેલા અત્યંજ છોકરાને પડી ગયલો જુએ છે. મ્હોડેથી પાણી પાણી બોલે છે. પણ પેલા બ્રાહ્મણને કાંઇ દયા આવતી નથી. કેમકે તેને તો મહાદેવમાં જઇ જળ ચઢાવવું છે અને "બંબભોળા હરહર મહાદેવ" કહી ઘંટ વગાડી સેવાપ્રિય કહેવડાવવું છે, હવે બ્રાહ્મણની કઇ સેવાને તમે પસંદ કરશો. મહાદેવમાં જઇ જળ ચઢાવ્યું. તેની કે અત્યંજના છોકરાને પાણી પાયું હોત તેને ?

અને આજ પ્રમાણે સેવાના માર્ગમાં પણ વિવેક જોઇએ. સેવાના વ્રત જેણે સ્વીકાર્યાં છે એવાં પ્રત્યેક સ્ત્રી પુરૂષે એટલું તો અવશ્ય વિચારવું જરૂરનું છે કે મારી આ સેવાથી

અન્ય જીવાત્માને સુખ અને સંતોષને બદલે દુઃખ તો નથી થતું.

સેવાવ્રત કેવી રીતે દુઃખ ઉપજાવનાર થાય છે તે આપણે વિચારીએ.

એક પરમહંસ જેવા સાધુ પુરૂષ બેઠા છે. ત્યાં ભકતોના ટોળે ટોળાં જાય છે. તેમાં કેટલાક સેવાના વ્રતધારી પણ હોય છે તેઓ પોતાને ત્યાંનો કંઇને કંઇ પ્રસાદ તે મહાત્મા અર્થે લાવે છે. અને આપ આટલો ખાઓ એ પ્રકારનો આગ્રહ કરે છે. કોઇપણ ભકતની વૃત્તિ ન દુભાય એવો જેમનો દયાળુ સ્વભાવ છે એવા તે સાધુ પુરુષ તે પ્રસાદને ગ્રહણ કરે છે. થોડીવાર થાય છે એટલે બીજો ભકત આવે છે તે પણ પૂર્વ વતર્ન કરે છે. અને આ પ્રમાણે ઉત્તરોત્તર થતું રહેતાં આખરે તે સાધુપુરુષ સર્વ ભકતોના

આગ્રહ સ્વીકારતા સ્વીકારતા અજીર્ણનો ભોગ થઈ પડે છે.

અને આ પ્રકારની સેવા એજ અન્યને દુઃખ ઉપજાવનારી ગણી છે. સેવામાં કોઇ પણ પ્રકારનું દબાણ અથવા આગ્રહતાનું અતિરેકપણું ન જોઇએ. સેવાવૃતિ તો હમેંશા પોતાના એ વ્રત વડે સર્વને સુખ ઉપજાવવાના સ્વભાવવાળોજ હોવો જોઇએ.

ચરણ સ્પર્શમાં સેવા માનનાર વર્ગ પણ આજકાલ એટલો બધો વધી ગયો છે કે તે ચરણ સ્પર્શ કરાવનાર પુરૂષને પ્રસંગે ત્રાસ અને દુઃખ આપનાર થઇ પડયો છે. પોતાના ઇષ્ટના ચરણ સ્પર્શ કરવાં એના જેવું ઉત્તમ કાર્ય બીજું એક નથી પણ તે કરવામાં પણ વિવેક જોઇએ. લોકોના ધક્કા મુક્કી ખાતાં પડાપડી કરતાં અને વખતે એ પડાપડીનો ધક્કો પોતાના ઇષ્ટના

ચરણને પણ લાગી જાય એ પ્રકારના ચરણસ્પર્શ કયા સુખને આપી શકશે તેજ વિચારશો.

સેવાવ્રતના સાધનાભ્યાસી અભ્યાસકે નિત્ય રાત્રીએ સૂતી વખત પોતાના મન સાથે વિચારવું કે આજે આ શરીરથી સેવાના કાર્ય શું શું થયાં છે. અને શરીરના જે જે ભાગથી સેવાનું કાર્ય ન થયું હોય તે ભાગને કહેવું કે ભાઈ તેં તારૂં આજનું કર્તવ્ય યથાર્થ રીતે કૃતવ્યથી ભ્રષ્ટ થઇ બજાવ્યું નથી અને કર્તવ્યથી ભ્રષ્ટ થનાર તને આરામ લેવાનો અધિકાર તે શું છે? તને તો શિક્ષાજ જોઇએ.

શરીરના જુદા જુદા ભાગોથી સેવા કેવી રીતે થાય તે વિચારીએ.

વાણીદ્વારા કોઇને પણ આશ્વાસન આપીએ ના હિમ્મત થઇ જનાર માણસને હિમ્મત આપી

એ, અને સત્યનુંજ પ્રકાશન કરીએ, તથા પ્રભુના ગુણગાન ગાઇએ એ વાણીની સેવા છે.

અને જો આ સેવાના માર્ગમાંથી એકનું પણ સેવન દિવસભરમાં થયું ન હોય તો જાણવું કે આપણે આજે વાણીની સેવા બજાવી નથી. અને જ્યારે સુતી વખત તે માલુમ પડે ત્યારે તરતજ એકાદ પ્રભુ ભકિતનું પદ કહીને તે દિવસના અધુરા રહેલા વાણીસેવાના વ્રતને પૂર્ણ કરી લેવું.

જે દિવસે વાણીદ્વારા કોઇને કટુ શબ્દ કહેવાયો હોય, નિરાશા ઉપજાવાઈ હોય, અને ક્રોધને બહાર વ્યકત કરાયો હોય તે દિવસ જાણવું કે આપણી વાણીએ સેવા ધર્મના અવલંબનને બદલે પાપ કર્યું છે. અને પાપની શિક્ષા તો પશ્ચાતાપથી અને શિક્ષાથીજ હોય. પશ્ચાતાપ એવો

કરવો કે આ વાણીથી આવું કૃત્ય હું ફરીથી કરીશ નહિ.

હવે શિક્ષાનો માર્ગ બાકી રહે છે. વાણીની શિક્ષા મૌન છે. જે દિવસે વાણી અવળા માર્ગે વપરાઇ હોય તે દિવસે તેને એક કે બે દિવસની મૌન રહેવા રૂપ શિક્ષા આપણે કરવાની છે. અને કોઇ પણ પ્રકારના વિચાર વગર વાણીનું મૌન આગ્રહ ધરીને પાળવું. એક દિવસ બે દિવસની અનુકૂળતા કદાચ આરંભમાં ન મળે તેણે કલાક બે કલાક અથવા ત્રણ કલાક પર્યંત મૌનને સેવવું આ નિયમ જો કે સાદામાં સાદો છે. પરંતુ તેના આગ્રહ યુકત પાલનમાં મુસ્કેલી છે. આપણે નિશ્ચય કર્યો હોય તેટલા સમયની અંદર બોલવાના એવા ઘણાએ પ્રસંગો ઉપસ્થિત થશે પણ આપણે તો શાંતજ રહેવું. અને જ્યારે આ પ્રકારનો આગ્રહ નિયમમાં બંધાય છે ત્યારે તે

નિયમો બળવાન થતાં થતાં તેને ધારણ કરનાર અભ્યાસકને ઉન્નતિ સોપાન પર આગળને આગળ વધારે છે.

જેમ જેલમાં ગયલા આપણા સંબંધીને આપણે ફાવે ત્યારે અને ફાવે તે વખતે કાંઈ મળી શકતા નથી, તેને માટે જેલ સુપ્રીટેન્ડન્ટના રજા વિગેરે નિયમો પાળવા પડે છે તેમ અવળા માર્ગે વહી શિક્ષાપાત્ર થએલ વાણીએ પણ મનરૂપી સુપ્રીટેન્ડન્ટના નિયમો પાળવાજ જોઇએ. અને વાણી જ્યારે એ નિયમોને પાળતી હોય ત્યારે તેમાં ભંગ કરવાને કોઇપણવ્યકિતએ પ્રયાસ કરવો ન જોઇએ.

હવે હાથની સેવાના સંબંધમાં વિચારીએ. જે હાથે પ્રભુની પ્રતિમાને શુદ્ધ કરાઇ હોય–પ્રભુના જાપ જે હાથે સ્મરણી રૂપ સાધનવડે જપાયા હોય, જે હાથે કોઈ અંધ મનુષ્યને માર્ગ બતાવાયો હોય જે હાથે કંઇ પણ પર-

હિતના કાર્ય થયાં હોય, તો તેજ દિવસે આપણે માનવું કે આ હાથે આજે પ્રભુની–અથવા તેના બાલકોની સેવા કંઇક કરી છે. જ્યારે તે પ્રમાણે સેવા થયલી ન જણાય ત્યારે તે હાથને કહેવું કે તારે વિશ્રાંતિ લેવાનો શો હક છે, પથારીમાંથી તું બહાર પડ. કર્તવ્ય ભ્રષ્ટ મનુષ્યને તે વળી વિશ્રાંતિ શાની? તેના ભાગ્યમાં તો અશાંતિ અને દુઃખજ લખાયલું હોય છે. તારે જો વિશ્રાંતિ લેવી હોય તો સેવાનું કંઇ પણ કાર્ય કર. આ સ્થિતિમાં અને આ સમય પર બીજું કશું સેવાનું કાર્ય ન મળે તો છેવટ પ્રભુના નામ સ્મરણની એક બે માળા ફેરવ. અથવા હરિ ૐ શબ્દવડે તાળી પાડતા જઇ ધૂન મચાવ.

જે દિવસે હાથથી કંઈપણ ખોટું કાર્ય થયું હોય તે દિવસે એ હાથને અડધો કલાક અથવા એક કલાક ઉભોને ઉભો રાખવાની શિક્ષા કરવી. કે

જેથી તે હાથને યાદ રહે કે હવે જો મારાથી કંઇ પણ ખોટું કામ થશે તો આનાથી પણ ભારે શિક્ષા ભોગવવી પડશે.

નેત્રની સેવા એટલે નેત્રવડે પ્રભુના ગુણ-ગાનનું કથન કરતા યોગવસિષ્ઠ જેવા સદ્‌ગ્રંથો વાંચવા વિચારવા તથા અન્યને સંભળાવવા એ છે. પ્રભુની મૂર્તિના સામું એક ચિત્તથી જોયાજ કરવું ત્રાટક કરવો એ પણ દ્રષ્ટિનું સાર્થકયપણું છે.

મનુષ્યના આંતરભાવોને વ્યક્ત કરનાર તેના નેત્ર પણ ઘણે અંશે મનાયા છે. નેત્રદ્વારા મનુ-ષ્ય અભય આપી શકે છે. નેત્રદ્વારા મનુષ્ય ભયને પણ પ્રકટાવી શકે છે. નેત્રદ્વારા મનુષ્ય અમૃતને વરસાવી શકે છે. અને એજ નેત્રદ્વારા ક્રોધને પણ દર્શાવી આપે છે. નેત્રનો સદુપયોગ તેના તેજને ઉત્તરોત્તર વધારે છે અને તે એટલે સુધી કે અંહિ બેઠા બેઠા પચીશ ગાઉ ઉપર

શું બને છે તે તે મનુષ્ય જાણી શકે છે. આ બલ પ્રાપ્ત થવું તેને દિવ્ય શક્તિ કહે છે. અને આ દિવ્ય નેત્ર શક્તિના પ્રતાપેજ હસ્તીનાપુરમાં બેઠા બેઠા સંજયે ધૃતરાષ્ટ્ર આગળ મહાભારતના યુદ્ધનું વર્ણન કર્યું હતું.

પ્રભુના જેવું સુંદરમાં સુંદર રૂપ બીજા કોનું છે? હે રૂપની લાલસાવાળી ચિત્તની આંતરવૃત્તિ? તું તારા પ્રભાવથી કોઇક કોઇક વખત નેત્રને ચળ વિચળ બનાવે છે. સંસારના માયિક મોહના પદાર્થો અને સ્વરૂપો જે આ સંસૃત્તિમાં હમેશાં રચાયાજ જાય છે તે જોવાને લલચાવે છે. અને આ રીતે તેં તેની ચંચળતા ઘણીજ વધારી દીધી છે. હવે તો પાછી વળી જા. સ્થિર થા. નેત્રમાં જે જોવાની શક્તિ છે તે જોવડાવનારના સ્વરૂપમાં નેત્રને તાદાત્મ્ય ભાવને પમાડ.

જે દિવસે, સેવાના સાધનાભ્યાસી સાધકે નેત્રની જોવાની શકિતની ઉપર જણાવેલા કોઇ પણ એક માર્ગને અનુસરી સાર્થકયતા કરી ન હોય એ દિવસે સુતાં પહેલા એ નેત્રને ઇષ્ટની પ્રતિમા સામે બળપૂર્વક ખુલ્લાં રાખી ત્રાટક કર્યા કરવો અને પછીજ સુવું.

કોઇપણ મનુષ્યની નિંદા કાનથી સાંભળવી નહિ તે કાનની સેવા છે.

આવાને આવા આપણા શરીરરૂપ સાધન અને તેના અવયવોદ્વારા તે દરેકની પાસે સેવા લેવાના જુદા જુદા માર્ગો છે અને આ રીતથી તેને આ લઘુ લેખમાં સહજ વીસ્તારથી પ્રતિપાદન કરવાનું કારણ એજ કે સેવાની ભાવના આ પ્રમાણે ધીમે ધીમે પોતાના દ્વારાજ ખીલી શકે છે. અને શરૂઆતના અભ્યાસકને તો આ નિયમો ઘણાજ આગળ વધારનાર થઇ પડશે.

સેવામાં બદલો ન જોઇએ. હું ઇશ્વરની દશ માળા કરૂં તો ઇશ્વર મને સુખ આપે, શાંતિ આપે, હું મારા શેઠની નોકરી સારી કરૂં તો મારો પગાર વધારે, એ સર્વ સેવા તે બદલાની સેવા છે. અને બદલાનો રૂપીઓ જેમ સર્વ ઠેકાણે અથડાઇને પાછો તેના મૂળ ધણીને ત્યાંજ આવે છે તેમ એવી બદલાની સેવા ઇપ્સિતાર્થને આપતી નથી.

ખરા ઉનાળાનો દિવસ છે. હું આ સ્થળે પાણીની પરબ મંડાવું તો કેટલું સારૂં એ પ્રકારનો વિચાર જે અંતઃકરણમાં ઉઠે છે તે સેવાનો વિચાર છે. અને એ પરબ હું મંડાવીશ તો મારી નામના થશે. પેપરમાં નામ પણ છપાશે. અને હું મોટો કહેવાઇશ એ પ્રકારની ઇચ્છા તે સાથે ઉદ્દભવે તો જાણવું કે આ માનની સેવા છે.

નિસ્વાર્થ સેવા નથી. અને ઇશ્વરને તો નિઃસ્વાર્થી સેવાજ ગમે છે.

શરીરના વિવિધ અવયવો પાસે વિવિધ સેવા લેવાના, તે સેવાધર્મથી ભ્રષ્ટ થાય તો તેની પાસે શિક્ષા લેવાના જે જે નિયમો ઉપર લખ્યા છે તે વસ્તુતઃ રીતે મનની જાગૃતિ અર્થેજ છે. મનમાં પૂર્વ તથા આ જન્મના વાસનાના સંસ્કાર એવા દૃઢ પડી ગયા છે કે તેને જ્યારે સાધનોની સરાણપર વારંવાર ચઢાવવામાં આવે ત્યારેજ તે કર્તવ્યગામી થાય છે.

હરહમ્મેશ પડેલા મન ઉપરના માયાના અને હું મમપણારૂપ દેહાધ્યાસના સંસ્કાર કાંઇ સહજ પ્રયત્નથી જતા રહેતા નથી. પચીસ હાથ ઉંડે ધન દાટયું હોય તો તેને કાઢવાને માટે જેમ પચીસ હાથ ઉંડું ખોદવુંજ પડે છે. દશ બાર હાથ ખોદયા પછી કહીએ કે ધન કેમ નીકળતું

નથી તો તેનાથી કાંઇ વળતું નથી તેજ પ્રમાણે માયાના સંસ્કારો જે જડ ઘાલીને બેઠા હોય છે તે સહજસાજ પ્રયત્નથી ચાલ્યા જતા નથી.

ચોમાસાના દિવસમાં એક ખેડુત ખેતરમાં જાય છે. અને બીજ વાવીને ઘેર આવે છે. બીજ વાવતી વખતે તેને શંકા પણ નથી આવતી કે મારાં આ વાવેલાં બીજ ઉગશે કે કેમ અને પાક આવશે કે કેમ. વિશ્વવ્યવસ્થાપક સત્તા ઉપર તેને ભરોંસો હોય છે તે મનથી માને છે કે વાવવારૂપ કર્મ મેં કર્યું છે. ફળ આપવારૂપ કર્મ પરમેશ્વરનું છે. આજ પ્રમાણે સેવા ભાવનાવાળા હૃદયે સેવાને બજાવવી જોઇએ.

સેવાનું સામર્થ્ય એટલું બધું છે કે તે વર્ણવવા બેસીએ તો મોટું પુસ્તક ભરાય. એ સામર્થ્ય અનંત અને અપાર છે. સેવા ધર્મના પાલનથી

મનુષ્ય ઇશ્વર સદૃશ પણ થઇ શકે છે. પ્રભુ પોતે પણ કહે છે કે:—

"ઘડી ઘડી મુખથી પ્રભુ કહે, ભક્તના કરૂં શા કામજી
એ કરવામાં તો રહ્યાં, મારાં એશને આરામ."

જેના તત્ત્વજ્ઞાનનો અપ્રતિમ ગ્રંથ ભારતમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. અરે ભારતમાં તો શું પણ અન્ય દેશોમાં પણ પોતપોતાની ભાષામાં જેનાં ટ્રાન્સલેશન (અવતરણ) થયાં છે. એવા ભગવદ્ ગીતાના કર્તા શ્રી કૃષ્ણચંદ્રના જીવનમાં પણ તમને શું જણાય છે. સેવા ધર્મનુ પાલન કે બીજું કાંઇ? યુધિષ્ઠિરના રાજ્યસૂય યજ્ઞમાં જઇ બ્રાહ્મણોના એઠાં પત્રાળાં ઉપાડયા એ શું તેમની જેવી તેવી સેવા છે? અર્જુનના સારથી બની રથ હાંકયો એ શું તેમની સેવાનું મહત્વ ઓછું આંકે છે? કૃષ્ણના જેવી નિસ્વાર્થ સેવા કરનાર આજે કોણ

છે ? કોઇને સેવા કરવામાં માન જોઇએ છે. કોઇને વાહવાહના પોકાર જોઇએ છે. અને કોઇને સેવાના ઓઠાં હેઠળ ધન જોઇએ છે. આ પ્રમાણે આંતરભાવના રાખી બહાર સેવા કરનાર કહેવડાવવું તે કઈ રીતે યોગ્ય છે ?

સેવા પ્રિય બંધુઓ ? અને સન્નારીઓ ? 'તમારા જીવનને કંઇક પણ સેવા પ્રિય બનાવજો તેમાંજ તમારી ઉન્નતિ છે. સુખના દિવસો કંઇ સર્વના એક સરખા જતા નથી અને તે પાણીના રેલાની પેઠે વહી જઈ દુઃખ આવી ઉભું રહે છે. આ દુઃખની સામે ટકવાની સેવા એ એક ઢાલ છે. જેમ આવતા શસ્ત્રાસ્ત્રના ઘાને ઢાલ ઝીલી શકે છે તેમ દુઃખના સમુદ્રમાં આવી પડેલા કે આવી પડનાર મનુષ્યને સેવા બચાવી લે છે. કરેલા શુભ કર્મનું ફળ કોઇ દિવસ પણ જતું નથી જ્યારે ત્યારે વ્યાજ સાથે તે પાછું મળેછે.

જે જીવનમાં સેવા નથી તે ખરેખરૂં જીવનજ નથી. જીવનની મઝા સેવા ધર્મના પાલનમાં છે. દુઃખ અને શોક ભોગવતા ભોગવતા હજારો વર્ષ જીવીએ તેના કરતાં સેવા ધર્મ બજાવતાં એકક્ષણુ પણુ જીવીએ તો બસ છે. કેમકે ઇશ્વરને આપણે કહી શકીએ છીએ કે આપના દીધેલ જીવનમાં મેં એક ક્ષણુ પણુ સેવા બજાવીછે.

સેવા ધર્મ સંબંધમાં આપણે એક બે દાખલા વિચારીએ.

એક વખત ધનપાળશા શેઠે પોતાના ગામના પાંચા પટેલને પૂછયું કે પટેલ હવે તો જીવનની આખર અવસ્થા આવી માટે ઇશ્વરનું નામ દો. રોજ ઉઠો છો ત્યારથી ખેતર જાઓ છો અને સાંજે ઘેર આવો છો તો પછી આખો દહાડો ધંધોજ કર્યા કરો છો કે બે ઘડી નિરાંતે

બેસો છો. જુઓ મેં દેરાશરનો જીર્ણોદ્ધાર કર્યો તમે પણ કંઇ એવું કરી અમર નામના કરતા જાઓ.

પાંચા પટેલ બોલ્યા શેઠ સાહેબ એવી અમર નામના કરતાં અમને ન આવડે આપ તો મ્હોટા સાધન સંપન્ન રહ્યા અમે ગરીબ ખેડુત શું કરી શકીએ. રોજ ખેતરમાં જઇએ છીએ. અને જતા આવતાં કોઈ મળી આવે તો તેને મારા વહાલના સ્વરૂપરૂપ ગણી સેવા ચાકરી કરીએ છીએ. મ્હોડે રામ બોલતાં નથી પણ રામ તો અમારા હૃદયમાં રમે છે બાપુ !

પાંચા પટેલ ગયા. અને ધનપાળશા શેઠ તેની મૂર્ખતા અને ભોળપણ ઉપર હસતા 'ગરીબ બિચારો' એમ બોલ્યા.

આ વાતને થોડા દિવસ થઇ ગયા. ઇશ્વરનું કરવું અને પાંચ પટેલ અને ધનપાળશા શેઠનું એકે દિવસે મૃત્યુ થયું. બંને સ્વર્ગમાં ગયા.

ધર્મરાજાએ કહ્યું કે હે ચિત્રગુપ્ત? આ બંને પ્રાણીઓના જીવન કર્મ વિષે કહો, ચિત્રગુપ્ત બોલ્યા આ ધનપાળશા શેઠ નામધારી જીવાત્મા-એ દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો છે. પડી જવાની અણી ઉપર આવ્યું હતું તેની મરામત કરવામાં સારા રૂપિઆ ખર્ચ્યા છે. અને ધર્મ ઉપર આસ્થા પણ સારી છે.

ધર્મરાજાએ પૂછ્યું એ તો બહુ ઉત્તમ કાર્ય કર્યું. પણ પ્રધાન તે સાથે આ મરામત પોતે કરાવી છે એવી રીતનો શીલાલેખ તેમણે તેમાં જડાવ્યો છે કે નહિ.

ધનપાળશા શેઠ પોતેજ બોલ્યા, હા મહા-રાજ આટલી બધી મરામત કરાવું, પૈસા ખરચું અને શીલાલેખ કેમ ન મૂકાવું. તે મૂકાયલો હોય તો સર્વ જાણી શકે કે ધનપાળશા શેઠની ધર્મ ઉપર પ્રીતિ સારી હતી.

ધર્મરાયે કહ્યું, બહુ સારૂં પ્રધાનજી આ ભાઇને સ્વર્ગમાં મોકલી આપો, કેમકે એમણે દેરાશર બાંધવારૂપ શુભ કર્મ કર્યું છે.

ધનપાળશા શેઠ ખુશી થતા થતા ધર્મરાજા તથા ચિત્રગુપ્તને પ્રણામ કરી સ્વર્ગના સુખ અને આનંદ ભોગવવા ગયા.

હવે આવ્યો પાંચાપટેલનો વારો તેના સંબંધી પૂછતાં ચિત્રગુપ્તે કહ્યું કે આ પ્રાણીએ તેના જીવનમાં કોઇને કોઇ સેવા બજાવી છે. ખેતર જતા હોય કાદવમાં કોઇ ગાડું ખુંચી ગયું હોય તો ત્યાં પોતે પણ હાથ લગાડી પેલા ગાડા હાંકનારને મદદ કરી છે. નેળમાં–સાંકડે રસ્તે ગાડા સામસામી આવી ગયાં છે એવી તેમને ખેતરમાંથી ખબર પડે તો તરત ત્યાં જઇને તે ગાડાને બહાર ખસેડવામાં કામ કર્યું છે. રસ્તે જતાં કોઇ તૃષાતુર મળે તો તેને પાણી પાયું છે.

અને આ સર્વ સેવા જે તેમના તરફથી થઇ છે તે પોતાનો ધર્મ અને ફરજ વિચારીનેજ થઇ છે. પરમાર્થ કામ કરનારાઓની જે મોટી મોટી ટીપ મૃત્યુલોકમાં બહાર પડે છે તે ટીપમાં પાંચાપટેલનું નામ હજી આવ્યું જણાતું નથી. એટલે કીર્તીની લાલસાથી તેઓ પોતાના સેવા કાર્ય બજાવે છે એમ પણ નથી.

ધર્મ–સેવા પ્રિય પાંચા પટેલ ધન્ય છે તને, અને તમારા જેવાજ સેવા પ્રિય માણસો ગમે છે. કહો કહો તમારે નામે તો ઘણુંજ પુણ્ય કાર્ય જમા થયલું છે. તમને બદલા તરીકે શું આપું.

પાંચા પટેલ–હે ન્યાયાન્યાયની તુલના કરનાર ધર્મ રાજન ? આપને મારા અનેકશઃ પ્રણામ છે. મારી સેવાના જમા પુણ્ય બદલ મારે કંઇજ

જોઇતું નથી. અને જે તમે જમા થયલું બતાવો છો તે સર્વ જમા હું પ્રભુને અર્પણ કરૂં છું.

ધર્મરાજા—મારા હૃદયરૂપ પાંચા પટેલ તમારૂં આવાગમન ટળી ગયું છે. ભવાટવિનો છેડો આવ્યો છે. જે કોઇ પણ મનુષ્ય જ્યારે પોતાનું હું પણું છોડી પ્રભુમાં ભળે છે ત્યારે પ્રભુના રૂપજ થઇ જાય છે. એક દીપકના પ્રકાશમાં બીજો ભળતાં એ પ્રકાશમાં ભિન્નતા જણાતી નથી. એક દુધના પાત્રમાં બીજું દુધ ભળતાં એ દુધ એકરૂપેજ જણાય છે. આજ નિયમે ઇશ્વર તત્વમાં આપણું પૃથક અભિમાન ગળાતાં આપણે તે રૂપજ બની જઇએ તે સ્વાભાવિક છે. પાંચા પટેલ તમે તો સાક્ષાત મોક્ષના અધિકારી છો. જાઓ વૈકુંઠ લોકમાં રહી જગદિશ્વરની સાથે એકતાને ભોગવો.

દ્રષ્ટાંત અંહી પૂર્ણ થાય છે. ઉપરથી વિચારવાનું એટલુંજ છે કે સેવા કાર્યમાં ફરજ હોવી જોઇએ. હું સેવા કરૂં અને લોકો મને વખાણે એ પ્રકારની કીર્તિની ગુપ્ત અભિલાષા સહજ પણ અંતરના એકાદ ખૂણામાં વસેલી હોય તો પણ તે આપણા હાથથી થતા કાર્યની સફળતામાં અંતરાયરૂપ અવશ્ય થઇ પડે છે.

હવે આ લઘુ લેખનો ઉપસંહાર કરીએ છીએ. સેવાના કાર્યો એક નહિ પણ અનંત છે. કેટલીક સેવામાં ધનનો ખપ પડે છે. કેટલીક મનથી થાય છે. કેટલીક શારીરિક શ્રમથી થાય છે. અર્થાત્ એ સેવાનો માર્ગ એવો છે કે ગમે તે સંજોગોમાં મુકાયલો મનુષ્ય પણ જો મન ઉપર લે તો આ સેવા કાર્યને ઉત્તમ રીતે બજાવી શકે. માટે તનથી, મનથી, ધનથી, કોઇની પણ સેવા કરો. કોઇની પણ સેવા કરો.

જે સેવા પ્રિય હૃદય છે તેજ સુખનું અધિકારી છે. પરમાત્મા તેના ઉપરજ પ્રસન્ન થાય છે. જે બીજાનું ભલું કરે છે તેનું પોતાનું જ ભલું થાય છે. જે બીજાને આશ્વાસન આપે છે તેને આશ્વાસન પ્રભુ આપે છે. જે બીજાના દુઃખે દુઃખી છે અને તેમાં તેને મદદગાર થાય છે તેના મદદગાર પ્રભુ પોતે થાય છે. સેવા એ પરમાત્માનું વ્રત છે અને તેને જે જે મનુષ્ય જેટલા જેટલા અંશમાં નિસ્વાર્થ ભાવે સાધે છે તે સદા સર્વદા પરમાત્માનો કૃપાપાત્ર બની રહે છે.

પ્રભુની એ કૃપાની વૃષ્ટિ તમો ઉપર અખંડ વર્ષો રહો. એવા શુભભાવ પૂર્વક લેખીની વિરમે છે. ઇતિ ૐ શાંતિઃ

ગુજરાતી ભાષામાં સરળ રીતે લખાતું માસીક

વિશ્વજ્યોતિ.

આ માસિક પત્રમાં શારીરિક, વ્યવહારિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિના ઉપાયો, પાશ્ચાત્ય પ્રજામાં ચાલતી નવીન શોધો, તથા આપણા આર્યતત્ત્વજ્ઞાનના વિષયો ચર્ચવામાં આવે છે. વિદ્યાર્થી અને સ્ત્રી ઉપયોગી લેખ, ચાલુ વાર્તા વગેરે ઉપયોગી વિષયો તેમાં પ્રતિમાસે પ્રકટ થાય છે.

એક વખત આ માસિકના ગ્રાહક થવા તમને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે. તમે તેના ગ્રાહક થશો તો તમને તમારી ઉન્નતિના ઘણા ઘણા ઉપાયો જાણવામાં આવશે, વાર્ષિક લવાજમ માત્ર સવાત્રણ રૂપિયા. નમુનો મફત.

વિશ્વજ્યોતિ કાર્યાલય અડાજણ–સુરત.

પ્રાણાયામ

પ્રાણાયામ સંબંધી સંપૂર્ણ માહીતી સરળમાં સરળ રીતે આપનાર આના જેવું બીજું પુસ્તક તમને મળશે નહિ. ટુંક સમયમાંજ તેની બબ્બે આવૃત્તિઓ પ્રકટ થઇ છે.

રાજયોગની એકે એક પ્રક્રિયા આસનથી માંડીને સમાધિ પર્યંત રીતીઓ આ પુસ્તક તમને શિખવ

મૂલ્ય પ્રથમ ભાગના ૦-૧૨-૦.

બીજા ભાગના ૧-૪-૦

પોસ્ટેજ પાંચ આના

વિશ્વજ્યોતિ કાર્યાલય

મહીધરપુરા-સુરત.